# યત્ર પુસ્તકન્તુ પઠ્યતે...

દેવેન્દ્ર ગોસ્વામી
અધ્યાપક,
સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, રાપર-કચ્છ.

ક્યારેય વિચાર્યું છે કે ‘સાડા છ કરોડ’ની જનતાવાળું ગુજરાત શું વાંચે છે, કેટલું વાંચે છે? કેટલાં પુસ્તકો ખરીદે છે? બંગાળી પ્રજાની જેમ ઘરનું વાર્ષિક બજેટ બનાવતી વખતે અમુક ચોક્કસ રકમ પુસ્તકો ખરીદવા માટે એક બાજુ મૂકી દે, એવું ગુજરાતમાં ભલે ન થતું હોય, તો પણ, એક સમયે કોઈ ગુજરાતી નવલકથાની દસ હજાર નકલો વેચાય તો પ્રકાશક તેના કવર પેઈજ પર ‘બેસ્ટ સેલર’ની જાહેરાત કરીને રાજી રાજી થતા, એ પરિસ્થિતિ છેલ્લા એક દોઢ દાયકામાં ઠીક-ઠીક નહીં, પણ સારી એવી બદલાઈ છે. અને આ વાતનો ખ્યાલ હજુ ગયા મહિને જ ઘટેલી એક ઘટના પરથી આવી શકે તેમ છે. ભાવનગરના એક વર્તમાન ધારાસભ્યએ પોતાના જન્મદિવસની ઉજવણી ત્રિદિવસીય પુસ્તકમેળાનાં આયોજન દ્વારા કરી. આ પુસ્તક મેળામાં અંદાજે ૪૦ થી ૫૦ લાખનાં પુસ્તકો લોકોએ ખરીદ્યાં. જેમાંથી ૧૭ લાખનાં પુસ્તકો તો ભુજની જાણીતી સંસ્થા ‘સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ’ (એસઆરડીટી)નાં જ હતાં.

કચ્છની વાત કરીએ તો ‘સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ’ ગુજરાતની કદાચ એક માત્ર એવી સંસ્થા છે, જે ‘ખોટ’ ખાઈને પુસ્તકો ‘વેચે’ નહીં ‘વહેંચે’ છે. ૨૦૦૦ની સાલથી શરૂ થયેલા સંસ્થાના આ ‘વાચનયજ્ઞ’ને ખંત અને જહેમતપૂર્વક જલતો રાખનારા પ્રોજેક્ટ મેનેજર વિનોદભાઈ કેવરિયાના જણાવ્યા મુજબ આ સવા દાયકામાં સંસ્થામાંથી લોકોએ લગભગ ત્રીસેક લાખ પુસ્તકો ખરીદ કર્યાં છે. તો તાજેતરમાં જ પહેલી ગુજરાતી ઈ-બુક બહાર પાડનાર ગુજરાતની અગ્રણી પુસ્તક પ્રકાશન સંસ્થા આર.આર.શેઠના માલિક ભગતભાઈ શેઠ જણાવે છે કે ‘વાંચે ગુજરાત’ અભિયાન પછી પુસ્તક વેચાણમાં ઠીક ઠીક ઉછાળો આવ્યો છે.

નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી અને જનરલ મેનેજર શરદભાઈ જાની જણાવે છે કે ‘સત્યના પ્રયોગો’ની ૧૯૨૭ થી ૨૦૦૫ સુધી ભારતની પંદર ભાષાઓમાં મળીને ૨૮.૫ લાખ નકલો ટ્રસ્ટે છાપેલી. જ્યારે ૨૦૦૬થી ૨૦૧૩ સુધીમાં જ બીજી ૨૦ લાખ નકલો છાપવી પડી છે. મતલબ એ કે લોકો વાંચતા થયા છે. એક બાજુ હજુ આજેય કોલેજમાં ભણતા સાહિત્યના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક કે મૂળ સાહિત્યકૃતિ ખરીદવાને બદલે તકલાદી ‘ગાઈડો’ જ વસાવે છે. ‘જ્ઞાન’ કરતાં ‘ગુણ’ (માર્ક્સ) વધારે મહત્ત્વના બની ગયા છે આજે!

વૈશ્વિક કક્ષાએ જોઈએ તો યુનેસ્કોના અહેવાલ મુજબ ભારતમાં વર્ષે દિવસે ૮૦,૦૦૦ થી વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે, જ્યારે ભારતથી ત્રીજા ભાગની વસ્તી ધરાવતા અમેરિકામાં આ આંકડો છે સવા ત્રણ લાખથી વધુનો! પુસ્તક પ્રકાશન (સંખ્યાની દષ્ટિએ)માં ભારત વિશ્વમાં પાંચમું સ્થાન ધરાવે છે.

ખેર, ચેતન ભગતની 'ફાઈવ પોઈન્ટ સમવન' કે અમિષ ત્રિપાઠીની 'શિવા ટ્રાયોલોજી' વાંચીને 'સ્ટેટ્સ' શો કરતી આજની યુવા પેઢીને આજે વિશ્વભરનાં એવાં દશ પુસ્તકોનો પરિચય કરાવવો છે. જેની આજ દિન સુધી લાખ્ખો નહીં, પણ કરોડો નકલો ચૂકી છે. જેમાંથી મોટા ભાગનાં પુસ્તકો દાયકાઓ જૂના છે, તો અમુક સદીઓ જૂના પણ. તેમ છતાં એ બધાં આજે પણ એટલાં જ લોકપ્રિય છે. સો, લેટ્સ સી, કે દુનિયા શું વાંચે છે !

### 'ટેલ ઓવ્ ટુ સિટીઝ' (૧૮૫૯)

નવલકથા તેના નામ મુજબ લંડન અને પેરિસ એમ બે યુરોપીય શહેરોની કથા કહે છે. બ્રિટિશ વિકટોરિયન યુગના મહાન નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની આ ક્લાસિક કૃતિ 'ફિકશન લિટરેચર'ના વૈશ્વિક ઈતિહાસમાં સૌથી ખ્યાત અને લોકપ્રિય સર્જનોમાંની એક છે.ફ્રેન્ચ ક્રાન્તિએ નવલકથાનો મુખ્ય કથાતંતુ છે. ફ્રેન્ચ ક્રાન્તિ પહેલાંના લંડન અને પેરિસ હૂબહૂ ઉપસાવાયા છે. રાજકીય અને વ્યકિતગત પ્રસંગોને લેખકે પરસ્પર સિફતથી વણી લીધા છે. ડિકન્સની અન્ય નવલકથાઓની જેમ આ કથા પણ હ્યૂમર અને મજેદાર પાત્રસૃષ્ટિથી ભરપૂર છે. કહે છે કે લુઈસ અને ચાર્લ્સ જેવો મીઠડો પ્રેમ, લુઈસ અને તેના પિતા ડૉ. એલેક્ઝાન્દ્રે - આ બાપ-દીકરી વચ્ચેનું બંધન અને બેરિસ્ટર સિડની કાર્ટન જેવું વાક્ચાતુર્ય અંગ્રેજી સાહિત્યમાં બીજે કયાંય નથી.

અંગ્રેજી ભાષાની આ નવલકથાની આજ દિન સુધી ૨૦૦ મિલિયન એટલે કે ૨૦ કરોડ નકલો વેચાઈ ચૂકી છે. કોઈ એક પુસ્તકની સર્વાધિક નકલોના વેચાણનો આ વિશ્વવિક્રમ આવનારાં વર્ષોમાં કોઈ તોડી શકશે કે કેમ, તે પ્રશ્ન આ નવલકથાની વાર્તા જેટલો જ પેચીદો છે!

### 'ધી લોર્ડ ઓવ્ ધી રિંગ્સ' (૧૯૫૪-૫૫)

અંગ્રેજી ભાષામાં 'એપિક' ગણાતી આ 'હાઈ ફેન્ટસી' નવલકથા વિદ્વાન ભાષાશાસ્ત્રી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર જે.આર.આર. ટોકીને લખેલી. આમ તો, આ નવલકથા ટોકીનની જ ૧૯૩૭માં લખાયેલી 'ધી ઓબિટ' નામની ફેન્ટસી નોવેલની વાર્તાને આગળ ધપાવતી હતી. અશુભ શક્તિઓ ધરાવતા અંધકારના દેવતાને પૃથ્વી પર આધિપત્ય જમાવતા રોકવાની વાર્તા કહેતી આ નવલકથા ટોકીને ત્રણ ભાગમાં લખેલી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લખાયેલી આ નવલકથા વિશ્વની કોઈ પણ ભાષાની બીજા નંબરની બેસ્ટ સેલર નવલકથા બની છે. અત્યાર સુધી તેની પંદર કરોડથી વધુ નકલો ખપી ચૂકી છે.

રેડિયો અને ટી.વી. એડપ્ટેશન બાદ ૨૦૦૧ થી ૨૦૦૩ એમ સળંગ ત્રણ વર્ષ સુધી આ નવલકથા પર આધારિત 'ધી લોર્ડ ઓવ્ રિંગ્સ ટ્રાયોલોજી' - ત્રણ અત્યંત સફળ ફિલ્મો બની ચૂકી છે. જેમાંથી ત્રીજા ભાગને તો પૂરા અગિયાર ઓસ્કાર મળેલા. આ ફિલ્મ સિવાય 'બેન-હર' અને 'ટાઈટેનીક'ને જ અગિયાર ઓસ્કાર મળ્યા છે.

### 'ધી લિટલ પ્રિન્સ' (૧૯૪૩)

માત્ર ૪૪ વર્ષની વયે, બીજા વિશ્વવિગ્રહ દરમિયાન એક હવાઈ મિશન દરમિયાન હંમેશ માટે ગાયબ થઈ જનારા એન્તન દ સેન્ટની આ લઘુનવલ તેમના ગુમ થઈ જવાના બરાબર એક વર્ષ પહેલાં જ પ્રકાશિત થઈ હતી. જાણીતા લેખક, કવિ અને વિમાનવિદ્યાના પાયોનિયર્સમાંના એક એવા એન્તન એમની કાળજયી કૃતિને પ્રસિદ્ધિના શિખરે પહોંચતી નહોતા જોઈ શકયા. 'ધી લિટલ પ્રિન્સ' (મૂળ ફ્રેન્ચ શીર્ષક 'લે પેટિટ પ્રિન્સ') સૌથી વધુ વંચાયેલી અને અનુવાદિત થયેલી ફ્રેન્ચ કૃતિ છે. ૨૦મી સદીના ફ્રાન્સની શ્રેષ્ઠ કૃતિ તરીકે તે એકથી વધુ વાર પસંદ થઈ ચૂકી છે.

ફ્રાન્સના સૌથી મોટા સાહિત્યિક એવોર્ડથી સન્માનિત એન્તનની આ લઘુનવલ હજુ સુધી ૨૫૦થી વધુ ભાષાઓમાં અનુવાદિત થઈ છે. આ ઉપરાંત બ્રેઈલ લિપિમાં પણ તે પ્રકાશિત થઈ છે. જેની ૧૪૦ મિલિયન નકલો વેચાઈ ગઈ છે એવી આ લઘુનવલ, વિશ્વભરમાં હજુ દર વર્ષે લાખોની સંખ્યામાં વેચાય-વંચાય છે.

કોઈ લઘુગ્રહ ઉપરથી પૃથ્વી પર આવી પડેલા નાનકડા રાજકુમારની વાત કહેતી આ લઘુનવલ ફ્રાન્સ સહિત દુનિયાભરમાં વખણાઈ છે.

**‘ધી હોબિટ’ (૧૯૩૭)**

આગળ એવી વાત કરી તે ‘ધી લોર્ડ ઓવ્ ધી રિંગ્સ’ના લેખક ટોકીનની આ નવલકથા ઉપરોક્ત શ્રેણીની નવલકથાનો પહેલો ભાગ છે. મૂળે બાળકો માટે લખાયેલી, પરંતુ મોટેરાંઓમાં પણ એટલી જ લોકપ્રિય બનેલી આ ‘ ફેન્ટસી નોવેલ’ વિશ્વબાળસાહિત્ય ક્ષેત્રે ‘ક્લાસિક’નો દરજ્જો અત્યંત માનભેર ધરાવે છે.

દસ કરોડથી વધુ નકલોનું વેચાણ જેના નામે બોલતું હોય, એવા પુસ્તકો પરથી ફિલ્મ ન બને તો જ નવાઈ. ગયા વર્ષે ડિસેમ્બરમાં મૂળ નામથી જ સફળ ફિલ્મ બનેલી. આ ફિલ્મની શ્રેણીની હજુ બીજી બે ફિલ્મો ૨૦૧૩ અને ૨૦૧૪માં આવનાર છે.

**‘ધી ડ્રીમ ઓવ્ ધી રેડ ચેમ્બર’ (૧૭૫૪-૧૭૯૧)**

ચાઈનીઝ સાહિત્યની ચાર કલાસિક નવલકથાઓમાં જેની ગણના થાય છે એવી ‘ધી ડ્રીમ ઓવ્ ધી રેડ ચેમ્બર’ કાઓ ઝેકિન નામના વિદ્વાને અઢારમી સદીમાં ક્વિંગ શાસન દરમિયાન લખી હતી. ચાઈનીઝ સાહિત્યમાં જેને ‘માસ્ટર પીસ’ ગણવામાં આવે છે, એવી આ નવલકથા ‘ચાઈનીઝ ફિક્શન’ નું સર્વોચ્ચ શિખર ગણાય છે. ચાઈનાની આ કૃતિ કેમ આટલી ‘કલ્ટ’ ગણાય છે, તેનો ખ્યાલ એટલા માત્રથી જ આવી જશે કે, માત્ર આ એક નવલકથાના ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે ચાઈનામાં ‘રેડોલોજી’ નામની આખી નવી વિદ્યાશાખા અસ્તિત્વમાં આવી છે! અમુકવાર આ નવલને ‘ધી સ્ટોરી ઓવ્ સ્ટોન’ નામથી પણ ઓળખવામાં આવે છે. ૧૭૫૪થી ૧૭૯૧ દરમિયાન લખાયેલી અને ૧૭૯૧માં પ્રકાશિત થયેલી આ નવલકથાની દસ કરોડથી વધુ કોપી વેચાઈ છે. એમ પણ કહેવાય છે કે આ કૃતિ એના લેખકની સેમી-ઓટોબાયોગ્રાફીકલ નવલકથા છે.

**‘એન્ડ ધેન ધેર વેર નન’ (૧૯૩૯)**

અગાથા ક્રિસ્ટીની આ મોસ્ટ ફેમસ ડિટેક્ટિવ નવલકથા દસ કરોડથી વધુ નકલોના વેચાણ સાથે ‘ઓલ ટાઈમ બેસ્ટ સેલર’ની યાદીમાં છઠ્ઠા નંબરે છે. ૧૯૩૯માં ઈંગ્લેન્ડમાં જ્યારે પહેલી વાર આ નવલકથા પ્રકાશિત થઈ ત્યારે તેનું મૂળ નામ ‘ટેન લિટલ નિગર્સ’ (‘નિગર’ એટલે ‘હબસી’) હતું. બ્રિટિશ નર્સરીમાં ભણાવાતી જોડકણાં જેવી કવિતા નવલકથાના પ્લોટનો સૌથી મહત્ત્વનો હિસ્સો હતી. આ જાસૂસી નવલકથા જ્યારે અમેરિકામાં પ્રકાશિત થઈ ત્યારે પેલાં જોડકણાંમાં આવતી છેલ્લી કડી ‘એન્ડ ધેન ધેર વેર નન’ને નવલકથાનું શીર્ષક બનાવવામાં આવ્યું.

નવલકથામાં દસ લોકોની વાત છે. કોઈ હત્યામાં જાણ્યે-અજાણ્યે ભાગીદાર લાગતા આ લોકોને કોઈને કોઈ બહાના હેઠળ સૂમસામ ટાપુ પર લાવવામાં આવે છે. ખરાબ હવામાન અને મુખ્ય ભૂ-ભાગથી ખૂબ દૂર હોવાને લીધે કોઈ

અહીંથી છટકી શકે તેમ નથી. અને શરૂ થાય છે હત્યારાઓનો દૌર. (કંઈ યાદ આવે છે?) હત્યાઓ પણ પેલી નર્સરીના જોડકણાંમાં જેમ એક પછી એક જણ ઓછો થતો જાય છે, બિલકુલ એ જ સ્ટાઈલમાં થાય છે.

વિશ્વની કોઈપણ ભાષામાં સૌથી વધુ વેચાયેલી વંચાયેલી મીસ્ટ્રી નોવેલ તરીકે'એન્ડ ધેન ધેર વેર નન' પહેલા નંબરે આવે છે. વિશ્વની જુદી-જુદી ભાષાઓમાં દોઢ ડઝનથી વધુ ફિલ્મો આ નોવેલ પરથી બની ચૂકી છે. એમાં આપણી ' ક્લાસિક' ગણાતી મનોજકુમારની 'ગુમનામ' પણ ખરી!

### 'ધી લાયન, ધી વિચ એન્ડ ધી વોર્ડરોબ' (૧૯૫૦)

'ધી લોર્ડ ઓવ્ ધી રિંગ્સ' અને 'ધી હોબિટ' પછી આ સૂચિમાં બાળસાહિત્યનું ત્રીજું પુસ્તક આવે છે. 'ધી લાયન, ધી વિચ એન્ડ ધી વોર્ડરોબ'. અંગ્રેજ લેખક સી.એસ.લૂઈસે ૧૯૫૦થી ૧૯૫૬ દરમિયાન 'ધી કોનિકલ્સ ઓવ્ નાર્નિઆ' હેઠળ પ્રકાશિત કરેલી સાત નવલકથાઓમાં આ પહેલી હતી.

લેખકે મોટાભાગની નવલકથાઓમાં 'નાર્નિઆ' નામની પૃથ્વી બહારની કાલ્પનિક દુનિયામાં ઘટતી રોમાંચક ઘટનાઓ આલેખી છે. અહીં વાતો કરતાં પશુ-પંખીઓ છે, અજીબોગરીબ એવાં પૌરાણિક  જીવોની સૃષ્ટિ છે. જ્યાં એક ડાકણ સાથે પનારો પાડે છે એ ખૂબ જ મજેદાર છે.

ટાઈમ મેગેઝિને આ નવલકથાને અંગ્રેજી ભાષાની શ્રેષ્ઠ નવલકથા ગણાવેલી, તો બીબીસીના સર્વેમાં પણ તે ટોપ ટેનમાં ચૂંટાઈ હતી. અંગ્રેજી સિવાય ૪૭ વિદેશી ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂકેલી આ નવલકથાની અત્યાર સુધી સાડા આઠ કરોડ નકલો વેચાઈ ચૂકી છે.

### 'શી : અ હિસ્ટ્રી ઓવ્ એડવેન્ચર' (૧૮૮૬-૧૮૮૭)

'અ હિસ્ટ્રી ઓવ્ એડવેન્ચર' એવું ઉપનામ ધરાવતી 'શી' ('તેણી') ૧૮૮૬થી ૧૮૮૭ દરમિયાન ઈંગ્લેડના 'ધી ગ્રાફિક' નામના સામયિકમાં ધારાવાહીક રૂપે પ્રગટ થઈ હતી. ફેન્ટસી, એડવેન્ચર, રોમાન્સથી છલોછલ આ નવલકથાની પણ સાડા આઠ કરોડથી વધુ નકલો વેચાઈ ગઈ છે. ૪૪થી વધુ વિદેશી ભાષાઓમાં પ્રકાશિત થનાર હેન્રી રાઈડર હોગાર્ડની આ નવલકથાની મજેદાર વાત એ છે કે પ્રકાશિત થયાથી આજદિન સુધી તે ક્યારેય 'આઉટ ઓવ્ પ્રિન્ટ' થઈ નથી અને આ જ વાત તેની ભરચક લોકપ્રિયતાની છડી પોકારે છે. ૧૯મી સદીના સામ્રાજ્યવાદી ઈંગ્લેન્ડમાં 'શી'નું સ્થાન મુઠ્ઠી ઊંચેરું છે. પ્રથમ પુરુષ એકવચનમાં કહેવાયેલી સાહસિકતાની આ કથા તેનાં સ્ત્રી સત્તા અને નારીવાદનાં સબળ આલેખન માટે આજે પણ યાદ કરવામાં આવે છે.

### 'ધી દ વિન્સિ કોડ' (૨૦૦૩)

આજ થી બરાબર એક દાયકા પહેલાં ૨૦૦૩માં આવેલી ડેન બ્રાઉનની આ ક્લાસિક નવલકથા વિશે કંઈ કહેવું હોય તો આટલું જ કહી શકાય : જસ્ટ અમેઝિંગ! અન્ય વિખ્યાત પુસ્તકોની સરખામણીમાં ૮ કરોડથી વધુ નકલોના વેચાણનો આંકડો 'દ વિન્સિ કોડે' માત્ર દસ જ વર્ષમાં પાર કરી લીધો છે.

સ્ટોરી કંઈક આવી છે. હાર્વર્ડ યુનિવર્સિટીના રિલિજિયસ આઈકોનોગ્રાફી (વ્યકિતનાં ચિત્ર કે છબીની મીમાંસા કરતું શાસ્ત્ર) અને સીમ્બોલોજી (પ્રતીકવિદ્યા)ના પ્રોફેસર રોબર્ટ લેન્ગડન અને ક્રીપ્ટોલોજિસ્ટ (ગૂઢ કે સાંકેતિક લખાણોને ઉકેલનાર) સોફી નેવ્યૂને પેરિસના લાઉર્વે મ્યુઝિયમમાં થયેલી હત્યાનું રહસ્ય શોધતાં શોધતાં એક અત્યંત રહસ્યમય

વાતની જાણ થાય છે. 'ઓપેસ દેઈ' નામની રોમન કેથોલિક ચર્ચના દાયરામાં આવતી સંસ્થા અને 'પ્રિઅરી ઓવ્ સિઓન' નામની રહસ્યમય અને ગુપ્ત સંસ્થા વચ્ચે ઈસુ ખ્રિસ્ત અને મેરી મેગ્ડેલીન વચ્ચે થયેલાં લગ્નની શક્યતા અને તેમના સીધા વંશજને લઈને જૂના સમયથી ચાલી આવતી લડાઈની જાણ આ બંનેને થાય છે. અને એ દરમિયાન પેલી મ્યુઝિયમમાં થયેલી હત્યાના સાક્ષીની લાશ મ્યુઝિયમની જ 'ગ્રાન્ડ ગેલેરી'માં લિઓનાર્દો દ વિન્સિના પ્રસિદ્ધ ચિત્ર 'વર્ચ્યુવિઅન મેન'ની મુદ્રામાં મળી આવે છે. તેના શરીર પર કોઈ સાંકેતિક ભાષામાં લખાણ ઘૂંટાયેલું છે. અહીંથી જ શરૂ થાય છે રહસ્યોની હારમાળા.

હોલી ગ્રીલ અને ખ્રિસ્તી ધર્મના ઈતિહાસમાં મેરી મેગ્ડેલીનની ભૂમિકાને લઈને લોકોને આ પુસ્તકમાં જબ્બર રસ પડેલો. અને ૨૦૦૯ સુધીમાં તો તેની આઠ કરોડ નકલો ચપોચપ ઉપડી ગયેલી. જો કે, રોમન કેથોલિક ચર્ચે નવલકથા અને તેના પરથી બનેલી એ જ નામની ફિલ્મની ખૂબ જ આકરા શબ્દોમાં ટીકા કરેલી અને ઐતિહાસિક તેમજ વૈજ્ઞાનિક તથ્યોને તોડીમરોડીને રજૂ કરવાનો આક્ષેપ કરેલો.

**થીક એન્ડ ગો રિચ (૧૯૩૭)**

દસ પુસ્તકોની આ યાદીમાં આ એક માત્ર નોન-ફિક્શનલ પુસ્તક છે. આજે તો 'મોટિવેશન' કે 'પ્રેરણા'ના નામે દેશ-વિદેશની અસંખ્ય ભાષાઓમાં અનેકાનેક પુસ્તકો ફૂટી નીકળ્યા છે. પણ અમેરિકન લેખક નેપોલિયન હિલનું' થિંક એન્ડ ગ્રો રિચ' એટલે કે 'વિચારો અને સમૃદ્ધ બનો' ૧૯૩૭માં પ્રકાશિત થયું એ પહેલાં બરાબર આગલા વર્ષે જ, ૧૯૩૬માં પ્રખ્યાત મોટિવેટર ડેલ કાર્નેગીની 'હાઉ ટુ વિન ફ્રેન્ડ્સ એન્ડ ઈન્ફ્લુઅન્સ પીપલ' પ્રકાશિત થઈ ચૂકી હતી. પર્સનલ ડેવેલપમેન્ટ અને સેલ્ફ હેલ્પનું આ પુસ્તક લખવાની પ્રેરણા નેપોલિયન હિલને સ્કોટિશ-અમેરિકન ઉદ્યોગપતિ એનડ્રુ કાર્નેગી પાસેથી મળેલી. આ પુસ્તક વિશેનો એક કિસ્સો મશહૂર છે. પ્રક્ષ્યાત સ્પોર્ટ્સ લેખક જિમ મુરેએ એ કિસ્સા વિશે લખ્યું છે કે ૧૯૩૭માં કેન નોર્ટન નામના બોક્સરે 'થિંક એન્ડ ગ્રો રિચ' વાંચ્યા પછી મોટા અપસેટમાં મહાન બોક્સર મોહમ્મદ અલીને હરાવી દીધેલા. બુક પબ્લિશ થઈ એ સમયે અમેરિકામાં 'ગ્રેટ ડિપ્રેશન'નો સમય ચાલી રહયો હતો. એ સમયે આ પુસ્તકે લોકોને ઘણો સધિયારો આપ્યો હતો. ૨૦૧૧ સુધીમાં આ પુસ્તકની સાત કરોડથી વધુ પ્રતો વેચાઈ ગઈ છે. જાણીતા લેખક અને સ્પીકર જ્હોન મેક્સવેલે આ પુસ્તકને 'મસ્ટ રીડ' પુસ્તકોની યાદીમાં મૂક્યું છે.